# વડોદરા મહાનગરપાલિકા

## સીધી ભરતી માટેની જાહેરાત
## (જાહેરાત ક્રમાંકઃ ૬૪૧/૨૦૨૩-૨૪)

| Sr.no | Name of Post | Total | Category |
|---|---|---|---|
| 1 | Female Health Worker | 35 | **SC - 02**<br>**ST - 02**<br>**SEBC - 07**<br>**EWS - 01**<br>**UR – 23**<br>કુલ જગ્યાઓ પૈકી ૦૮(શા.ખો.ખા.) |

1. **Educational Qualification & Experience:**
   1. Have passed Secondary School Certificate (S.S.C.) Examination or equivalent examination.
   2. Have passed Female Health Worker Basic Training Course recognized by Government.
   3. Knowledge of Gujarati and/or Hindi
2. **Pay Scale:**
   1. પાંચ વર્ષ માટે રૂ.૧૯૯૫૦/– માસિક ફિક્સ વેતન
   2. સાતમાં પગારપંચ મુજબ ( પે મેટ્રીક્સ ૧૯૯૦૦–૬૩૨૦૦)
   3. સરકારશ્રીના નાણાં વિભાગના ઠરાવ ક્રમાંકઃખરચ/૨૦૦૨/૫૭ઝ–૧, તા.૧૬–૦૨–૦૬ અન્વયે માસિક ફિક્સ વેતનથી પાંચ વર્ષ સુધી અજમાયશી નિમણુંકને પાત્ર થશે. ત્યારબાદ કામગીરી સંતોષકારક રીતે પૂર્ણ કર્યેથી સાતમાં પગારપંચ મુજબ નિયત પે મેટ્રીક્સ ૧૯૯૦૦–૬૩૨૦૦ થી નિયમોનુસાર સમાવવા અંગે વિચારણા કરવામાં આવશે.
3. **Age:**

   Not less then 18 and not more than 30 years.

## જાહેરાતની સામાન્ય જોગવાઈઓ
## (જાહેરાત ક્રમાંકઃ ૬૪૧/૨૦૨૩-૨૪)

1. ઉપર જણાવેલ જગ્યા માટે ઉમેદવારી કરતાં પહેલાં ઉમેદવારે પોતે જરૂરી પાત્રતા ધરાવે છે કે નહીં તેની ખાત્રી કરવી.
2. ઓનલાઈન અરજી કરવા તથા પેમેન્ટ કરવા માત્ર ડેસ્કટોપ અથવા લેપટોપ નો જ ઉપયોગ કરવો ઉમેદવારો માટે હિતાવહ છે.
3. જાહેરાતમાં દર્શાવેલ જગ્યાઓની સંખ્યામાં વધઘટ થવાની શક્યતા રહેશે.
4. રસ ધરાવતા ઉમેદવારોએ તા.૧૨-૦૮-૨૦૨૩ (૧૩-૦૦ કલાક) થી તા.૩૧-૦૮-૨૦૨૩ (૨૩-૫૯ કલાક) દરમ્યાન **www.vmc.gov.in** વેબસાઇટ પર ઓનલાઇન અરજી કરવાની રહેશે. ઓનલાઇન અરજી કરતાં પહેલા ભરતીને લગતી માહિતી તેમજ સુચનાઓ **www.vmc.gov.in** ઉપરથી વાંચી લેવાની રહેશે.
5. **ઉંમર, લાયકાત અને અનુભવ ઓનલાઇન અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજની ગણવામાં આવશે.**
6. ઉમેદવારે શૈક્ષણિક લાયકાત માન્ય યુનિવર્સિટી/સંસ્થામાંથી મેળવેલ હોવી જોઇએ.
7. શૈક્ષણિક લાયકાત કામચલાઉ ધોરણે માન્ય રાખવી તેવો ઉમેદવારનો હક્ક દાવો સ્વીકારવામાં આવશે નહીં.
8. જો જગ્યાના ભરતી નિયમોમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાતની સમકક્ષ લાયકાત માન્ય ગણાશે તેવી જોગવાઇ હોય તો, જાહેરાતમાં દર્શાવેલ લાયકાતની સમકક્ષ લાયકાત ધરાવે છે. તેવો તેમનો હક્ક દાવો હોય તો આવા ઉમેદવારે સમકક્ષતા પ્રસ્થાપિત કરતા આદેશો/અધિકૃતતાની વિગતો આપવાની રહેશે.
9. ઉમેદવારે અરજીમાં જે અનુભવ દર્શાવેલ હોય તેના સમર્થનમાં અનુભવનો સમયગાળો (દિવસ, માસ, વર્ષ), મૂળ પગાર અને કુલ પગારની વિગતો તથા બજાવેલ ફરજોનો પ્રકાર/ મેળવેલ અનુભવની વિગતો સાથેનું સ્વયંસ્પષ્ટ પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. આવું પ્રમાણપત્ર સંસ્થાના લેટરપેડ પર સક્ષમ સત્તાધિકારીની સહી અને તારીખ સાથેનું રજુ કરવાનું રહેશે. ઉમેદવારે આપેલ self-Declaration અને affidavit પર રજુ કરેલ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે નહિ.
10. ઉમેદવારે રજુ કરેલ અનુભવના પ્રમાણપત્રોમાં પાછળથી કોઇ ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહીં. જો ઉમેદવારો દ્વારા સંપૂર્ણ વિગતો સાથેના અનુભવનું પ્રમાણપત્ર રજુ કરવામાં આવશે નહીં, તો ઉપલબ્ધ પ્રમાણપત્ર/ વિગતોના આધારે વડોદરા મહાનગરપાલિકા નિર્ણય કરશે. જે ઉમેદવારોને બંધનકર્તા રહેશે.
11. ઉમેદવારે અરજીમાં જાતિ અંગે જે વિગત દર્શાવેલ હશે તેમાં પાછળથી ફેરફાર કરવાની વિનંતી માન્ય રાખવામાં આવશે નહિ. તેમજ જો કોઇ ઉમેદવારે નિયત સમયગાળા દરમ્યાન ઇસ્યુ થયેલ નિયત નમુનાનું

પ્રમાણપત્ર રજુ કરેલ નહિ હોય તો તેઓની અરજી અમાન્ય ગણવામાં આવે છે. અને તેઓને બિન અનામત જગ્યા સામે પણ  વિચારણામાં લેવામાં આવશે નહિ.

12. અંશકાલીન, રોજિંદા વેતનદાર, એપ્રેન્ટીસશીપ, તાલીમી, માનદવેતન, આમંત્રિત ફેકલ્ટી, ઇન્ચાર્જ (મૂળ હોદ્દા સિવાયની વધારાની કામગીરી), Against post તરીકે ઉમેદવારે મેળવેલ અનુભવ માન્ય અનુભવ તરીકે ગણતરીમાં લેવામાં આવશે નહીં. ઉપરાંત અભ્યાસકાળ દરમિયાન મેળવેલ ( ઉ.દા.Ph.D. માટેના Senior Research fellow તથા Junior Research fellow તરીકે કરેલી કામગીરી) માન્ય રાખવામાં આવશે નહીં.

13. માર્કશીટ, ડીગ્રી સર્ટીફીકેટમાં ગ્રેડ દર્શાવેલ હોય તો તેનું સમકક્ષ ટકામાં માન્ય યુનિવર્સીટીનું કન્વર્ઝન કોષ્ટક ડોક્યુમેન્ટ વેરીફીકેશન વખતે રજુ કરવાનું રહેશે.

14. જાહેરાતમાં માંગ્યા મુજબનો અનુભવ ઉમેદવારે શૈક્ષણિક લાયકાત/ડિગ્રી મેળવ્યા બાદનો જ માન્ય ગણવામાં આવશે. તે પહેલાંનો અનુભવ કોઇ પણ સંજોગોમાં માન્ય ગણાશે નહિ. અનુભવના પુરાવા તરીકે માત્ર ઓફર લેટર /અપોઇન્ટમેન્ટ લેટર અમાન્ય ગણાશે. પરંતુ જો તેની સાથે વખતોવખત સંસ્થા દ્વારા અપાયેલ ઇજાફા કે પ્રમોશનના હુકમ પગાર સંબંધિત પુરાવા કે અન્ય આધારભૂત ગણી શકાય તેવા પુરાવા રજૂ કર્યેથી તેની પૂરતી ચકાસણી કર્યાબાદ યોગ્ય જણાયેથી આવો અનુભવ માન્ય ગણવા અંગે સક્ષમ અધિકારીશ્રી નો નિર્ણય આખરી રહેશે.

15. ઉમેદવારે ઓનલાઇન અરજી ફોર્મમાં યોગ્ય સ્થાને પોતાનો મોબાઇલ નંબર લખવો અનિવાર્ય છે. જે ઉપર ભવિષ્યમાં ભરતી અંગે સંદેશ આપી શકાય. યોગ્ય મોબાઇલ નંબર લખેલ ન હોય/બંધ હોય કે અન્ય કારણોસર ઉમેદવારને સંદેશ ન પહોંચે તે અંગે વડોદરા મ્યુનિ. કોર્પોરેશનની કોઇ જવાબદારી રહેશે નહિ.

16. **અનામતઃ** અનામત જગ્યાઓ ફકત મુળ ગુજરાતના અનામત વર્ગના ઉમેદવારો માટે જ અનામત છે. ગુજરાત સરકારશ્રી દ્વારા માન્ય કરેલ હોય તેવા અનુ.જાતિ, અનુ.જનજાતિ, સા.શૈ.પ.વ અને આર્થિક નબળા વર્ગના ઉમેદવારોને જ અનામતનો લાભ મળવાપાત્ર રહેશે આ અંગે ગુજરાત રાજયના સક્ષમ અધિકારીશ્રી દ્વારા ઇશ્યુ કરાયેલ જાતિ અંગેનું પ્રમાણપત્ર જ માન્ય રહેશે.

17. **શારીરિક અશકતતા ધરાવતા (દિવ્યાંગ) ઉમેદવારો માટેઃ**

    1. શારીરિક અશકતતા ધરાવતા (દિવ્યાંગ) ઉમેદવારોની અનામત રાખેલ જગ્યાઓ સામે પસંદગી પામેલ ઉમેદવારને જે તે કેટેગરી (**GENERAL/EWS/SC/ST/SEBC**) વર્ગના ઉમેદવારો સામે સરભર કરવામાં આવશે.
    2. સામાન્ય વહીવટ વિભાગના તા.૧૫-૦૨-૨૦૦૧ ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર/૧૦૨૦૦૦/જીઓઆઇ/૭/ગ-૨ મુજબ શારીરિક અશકતતાના (દિવ્યાંગતા) લાભો મળવાપાત્ર રહેશે.
    3. શારીરિક અશકતતા (દિવ્યાંગતા) ધરાવતા ઉમેદવારોએ ઓનલાઇન અરજીમાં સક્ષમ સત્તાધિકારી દ્વારા આપેલ દિવ્યાંગતાના પ્રમાણપત્ર નંબર અને તારીખ ઓનલાઇન અરજીપત્રકમાં યોગ્ય કોલમમાં અચુક દર્શાવવાનો રહેશે.

4. નિયમાનુસાર શારીરિક અશકતતા ધરાવતા હોય તેવા (દિવ્યાંગ) ઉમેદવારને જ શારીરિક અશકતતા (દિવ્યાંગતા) નો લાભ મળવાપાત્ર રહેશે.
5. શારીરિક અશકતતા ધરાવતા (દિવ્યાંગ) ઉમેદવારે તેના દાવાના સમર્થનમાં સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧–૧૨–૨૦૦૮ ના પરીપત્ર ક્રમાંકઃ પરચ/૧૦૨૦૦૮/૪૬૯૫૪૦/ગ–૨ થી તેમજ વખતોવખત નિયત થયેલ નમુનામાં સરકારી હોસ્પીટલના સુપ્રિટેન્ડેન્ટ /સિવીલ સર્જન/મેડીકલ બોર્ડ દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર જ માન્ય ગણવામાં આવશે. તેમજ આ અસલ પ્રમાણપત્ર સક્ષમ સત્તાધિકારી દ્વારા માંગણી કરાયેથી અચુક રજુ કરવાનું રહેશે. આ પ્રમાણપત્ર નિમણૂક અધિકારી/મંડળ સમક્ષ રજુ કરવામાં નહીં આવે, તેવા કિસ્સામાં જે તે ઉમેદવારને શારીરિક અશકતતા (દિવ્યાંગતા) ઉમેદવાર તરીકેનો લાભ મળવાપાત્ર થશે નહીં.
6. સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર/૧૦૨૦૧૭/૧૨૨૬૩૯/ગ–૨ તા.૧૭–૦૯–૨૦૨૧ ની જોગવાઇ મુજબ સીધી ભરતીથી જગ્યા ભરવાના પ્રસંગ દિવ્યાંગ ઉમેદવાર માટે જગ્યા અનામત ન હોય ત્યારે સબંધિત જગ્યા માટે બેન્ચમાર્ક ડિસેબિલિટિઝ ધરાવતા ઉમેદવાર દિવ્યાંગ માટે અનામત ન હોય તેવી જગ્યા માટે અરજી કરી શકશે. પરંતુ તે જગ્યા બેન્ચ માર્ક ડિસેબિલિટિઝ ધરાવતી વ્યક્તિઓ માટે યોગ્ય હોવાનું નિયત કરવામાં આવેલ હોવું જોઇશે.
7. સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર/૧૦૨૦૧૭/૧૨૨૬૩૯/ગ–૨ તા.૧૭–૦૯–૨૦૨૧ ની જોગવાઇ મુજબ સીધી ભરતીના કિસ્સામાં દિવ્યાંગો માટે નકકી કરવામાં આવેલ અનામત જગ્યા માટે નિયત કટ ઓફ માર્કસને ધ્યાને લેતાં સંબંધિત દિવ્યાંગતાની સબ કેટેગરી માટેના ઉમેદવારો ઉપલબ્ધ ન થાય તેવા સંજોગોમાં નકકી કરવામાં આવેલી દિવ્યાંગતાઓ પૈકી અન્ય દિવ્યાંગતા ધરાવતી વ્યકતીથી આવી જગ્યા ભરવાની રહેશે. એટલે કે દિવ્યાંગ ઉમેદવારો માટેની અનામતની સબ કેટેગરીમાં પરસ્પર અદલાબદલી ઉપર દર્શાવેલા સંજોગોમાં કરવામાં આવશે.
8. બેન્ચમાર્ક ડિસેબિલિટિઝ ધરાવતા ઉમેદવારો માટે અનામત રાખવામાં આવેલી જગ્યા ઉપર નિયત કરેલ સામાન્ય ધોરણોના આધારે દિવ્યાંગ ઉમેદવારો પુરતી સંખ્યામાં ઉપલબ્ધ ન થાય તો દિવ્યાંગો માટે અનામત રાખવામાં આવેલ ખાલી જગ્યા ભરવા માટે પસદંગીના ધોરણો હળવા કરીને દિવ્યાંગ ઉમેદવારની પસંદગી વડોદરા મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવશે.
9. શારીરિક રીતે અશકત (દિવ્યાંગ) ઉમેદવારોને સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧–૧૨–૨૦૦૮ ના પરીપત્ર ક્રમાંકઃ પરચ/૧૦૨૦૦૮/૪૬૯૫૪૦/ગ–૨ થી નિયત થયેલ સુપ્રિન્ટેન્ડેન્ટ/સિવીલ સર્જનના તબીબી પ્રમાણપત્રને આધીન રહીને ઉપલી વયમર્યાદામાં ૧૦ વર્ષની છુટછાટ મળશે.

18. **વયમર્યાદામાં છુટછાટઃ**

1. વડોદરા મહાનગર પાલિકા ના કર્મચારીને ઉપલી વય મર્યાદામાં ઉંમરનો બાધ રહેશે નહીં. તેઓએ પણ ઓનલાઇન અરજી કરવાની રહેશે.
2. મહિલા ઉમેદવારને પ્રવર્તમાન નિયમોનુસાર વયમર્યાદામાં છુટછાટ મળવાપાત્ર રહેશે.

3. શારીરિક અશક્તા ૪૦% કે તેથી વધુ હોય તેવા ઉમેદવારોને શારીરિક અશક્તાનો લાભ મળવાપાત્ર રહેશે.
4. જે જગ્યા માત્ર બિન અનામત – સામાન્ય વર્ગ માટેની છે તેવી જગ્યાઓ માટે અનામત વર્ગના ઉમેદવારો જો તેઓ જનરલ કેટેગરીની વયમર્યાદામાં આવતાં હોય તો તે પોતાની ઉમેદવારી નોંધાવી શકશે/ અરજીપત્રક ભરી શકશે. પરંતુ તેઓને વય મર્યાદામાં કોઇ છુટછાટ મળશે નહી. માત્ર મહિલા ઉમેદવારોને મહિલા તરીકેના ૦૫ વર્ષની છુટછાટ મળવાપાત્ર થશે.
5. સામાજીક અને શૈક્ષણિક રીત પછાતવર્ગના ઉમેદવારોને અનામતનો લાભ જો તેઓનો સમાવેશ "ઉન્નત વર્ગમાં" નહિં થતો હોય તો જ મળવાપાત્ર થશે.
6. જે જગ્યાઓ **SEBC** (સા.શૈ.પ.વ.) ના ઉમેદવારો માટે અનામત છે. તેવા **SEBC** (સા.શૈ.પ.વ.) ના ઉમેદવારોએ નાણાંકીય વર્ષ ૨૦૨૧–૨૨/૨૦૨૨–૨૩/૨૦૨૩–૨૪ ની આવકના આધારે રાજય સરકારની નોકરી માટે (પરિશિષ્ટ–૪ મુજબ ગુજરાતી નમુનામાં) કઢાવેલ નોન–ક્રિમિલેયર સર્ટીફિકેટ તા.૦૧–૦૪–૨૦૨૧ થી તા.૩૧–૦૮–૨૦૨૩ દરમ્યાન મેળવેલ હોય તેવું પ્રમાણપત્ર ધરાવતા હશે તો જ ઉપલી વયમર્યાદામાં છુટછાટ તેમજ કેટેગરીની અનામત જગ્યાનો લાભ મળશે. અન્યથા તેઓ સમાન્ય કેટેગરીના ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી શકશે અને તે કિસ્સામાં વયમર્યાદા તેમજ અનામત જગ્યા ઉપર પસંદગીનો લાભ મળવાપાત્ર રહેશે નહી.
7. પરિણિત મહિલા ઉમેદવારોએ આવું પ્રમાણપત્ર તેમના માતા પિતાની આવકના સંદર્ભમાં રજુ કરવાનું રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં રજુ કરેલ હશે તો તેમની અરજી રદ કરવામાં આવશે.
8. તમામ જગ્યાઓમાં આર્થિક રીતે નબળા વર્ગ (**EWS**) ની કેટેગરીના ઉમેદવારો માટે જગ્યાઓ અનામત છે. તેવા આર્થિક રીતે નબળા વર્ગ (**EWS**)ના ઉમેદવારોએ રાજય સરકારની નોકરી માટે આર્થિક રીતે નબળા વર્ગ (**EWS**) માટે પાત્રતા પ્રમાણપત્ર તા.૦૧–૦૪–૨૦૨૧ થી તા.૩૧–૦૮–૨૦૨૩ સુધીમાં મેળવેલ હોય તેવું પ્રમાણપત્ર ધરાવતા હશે તો જ ઉપલી વયમર્યાદામાં છુટછાટ તેમજ કેટેગરીની અનામત જગ્યાનો લાભ મળશે. અન્યથા તેઓ સમાન્ય કેટેગરીના ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી શકશે અને તે કિસ્સામાં વયમર્યાદા તેમજ અનામત જગ્યા ઉપર પસંદગીનો લાભ મળવાપાત્ર રહેશે નહી.
9. અનામત વર્ગના તમામ ઉમેદવારોએ જાતિ અંગેનું સક્ષમ સત્તાધિકારીનું પ્રમાણપત્ર ગુજરાત સરકાર દ્વારા વખતોવખત નિયત કરેલ નમુનામાં મેળવેલ હોવું જોઇએ.
10. સરકારની પ્રવર્તમાન જોગવાઇ મુજબ અનામત કક્ષાના ઉમેદવારો બિન અનામત વર્ગના ઉમેદવારોની સાથે નિયત ધોરણો ( અર્થાત વયમર્યાદા, અનુભવની લાયકાત, બિન અનામત વર્ગના ઉમેદવારો માટે અપનાવેલ હોય તેના કરતાં વધુ વિસ્તૃત કરેલ અન્ય ક્ષેત્ર) માં છૂટછાટ લીધા સિવાય પોતાની ગુણવત્તાના આધારે પસંદગી પામે તો બિન અનામત જગ્યાની સામે ગણતરીમાં લેવાના થાય છે.
11. ઉંમરમાં બધી જ મળવાપાત્ર છુટછાટ ગણતરીમાં લીધા બાદ વધુમાં વધુ ૪૫ વર્ષની ઉંમર સુધી જ ઉપલી વયમર્યાદામાં છુટછાટ મળશે.

19. ગુજરાત સરકારના સરકારી/અર્ધ–સરકારી/સરકાર હસ્તકના કોર્પોરેશન/કંપનીઓમાં સેવા બજાવતાં અધિકારી/કર્મચારીઓએ પણ ઓનલાઇન અરજી કરવાની રહેશે. તેમજ પ્રમાણપત્રોની પ્રત્યક્ષ ચકાસણી વખતે ઉમેદવારે સક્ષમ અધિકારીનું ના–વાંધા પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

20. સરકારી/અર્ધ સરકારી સંસ્થામાં ફરજ બજાવતાં ઉમેદવારોએ ખાતાના વડા/વિભાગ દ્વારા તેઓની છેલ્લા પાંચ વર્ષની કામગીરીનો તથા વર્તણુંક અંગેનો અહેવાલ, કોઇ શિક્ષાત્મક પગલાં લેવામાં આવેલ હોય તો તેની વિગત રજુ કરવાનું રહેશે.

21. ઉમેદવારે નિયત અરજી પત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવાઓ કચેરી દ્વારા માંગવામાં આવે ત્યારે અસલમાં રજુ કરવાના રહેશે અન્યથા અરજીપત્રક જે તે તબક્કે રદ ગણવામાં આવશે.

22. **ઉમેદવારે સરકાર માન્ય સંસ્થામાંથી જગ્યાને અનુરૂપ CCC લેવલનો કોમ્પ્યુટર કોર્ષ અવશ્ય પાસ કરેલ હોવો જોઇએ અથવા નિમણુંક થયા તારીખથી ૦૬ માસ સુધીમાં સદર કોર્ષ પાસ કરવાનો રહેશે.**

23. **<u>અરજી ફી સ્વીકારવા/જમા કરાવવા અંગેઃ</u>**

એ. બિન અનામત કક્ષાના ઉમેદવારોએ અરજી ફી પેટે રૂ.૪૦૦/– ઓનલાઇન જ ભરવાના રહેશે. અનુ.જાતિ, અનુ.જનજાતિ, સા.શૈ.પ.વ અને આ.ન.વર્ગ કક્ષાના ઉમેદવારોએ અરજી ફી પેટે રૂ.૨૦૦/– ઓનલાઇન જ ભરવાના રહેશે. અનામત કક્ષાના ઉમેદવારો માટે જાહેરાતમાં અનામત જગ્યાઓ દર્શાવેલ ન હોય ત્યાં આવા ઉમેદવારો બિન અનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેમને પસંદગી માટે બિન અનામત ના ધોરણો લાગુ પડશે. ફી નું ધોરણ પણ બિન અનામત કક્ષા પ્રમાણે રૂ. ૪૦૦/– ભરવાના રહેશે.

બી. ઉમેદવાર જયારે VMC વેબસાઇટ પર પોતાની અરજી સબમીટ કર્યા બાદ, તેઓને અરજી ફી ઓનલાઇન ભરવાની રહેશે. ફી ની રકમ ફકત ઓનલાઇન જ ક્રેડીટ/ડેબિટ/નેટ બેંકિગ દ્વારા ભરવાની રહેશે. ફી ભર્યા અંગેના ચલણની નકલ મેળવી ઉમેદવારે સાચવી રાખવાની રહેશે, અને પ્રમાણપત્રોની પ્રત્યક્ષ ચકાસણી/લેખિત/મૈખિક કસોટી સમયે કોલલેટર સાથે અચૂક લાવવાની રહેશે.

સી. જો ઉમેદવાર ફી ભર્યાની નકલ તથા એપ્લીકેશન ફોર્મ સાથે નહી લાવે તો તેવા ઉમેદવારોને પ્રમાણપત્રોની પ્રત્યક્ષ ચકાસણી/લેખિત/મૈખિક કસોટી માં પ્રવેશ આપવામાં આવશે નહી.

ડી. અન્ય કોઇ રીતે ફી સ્વીકારવામાં આવશે નહી.

ઈ. **ઓનલાઇન ફી ભરવાની છેલ્લી તારીખ ૩૧–૦૮–૨૦૨૩ રહેશે.**

એફ. અરજી ફી ભર્યા બાદ કોઇ પણ સંજોગોમાં પરત મળવાપાત્ર નથી.

જી. તમે લાયકાત ધરાવો છો કે કેમ ? તેની ખાતરી કર્યા બાદ જ અરજી ફોર્મ તથા ફી ભરવી. લાયકાત ન ધરાવતા હોવા છતાં ફી ભરેલ હોઇ તેવી અરજી રદ ગણાશે. અરજી ફી ભર્યા બાદ કોઇ પણ સંજોગોમાં પરત મળવાપાત્ર નથી.

24. ઉમેદવાર/અરજદારને તેમના પોતાના હિતમાં જાહેરાત સંબંધિત અન્ય કોઇ સુચના માટે તેમના દ્વારા નોંધાયેલા ઇ–મેઇલ એકાઉન્ટને તપાસવાની તથા www.vmc.gov.in વેબસાઇટ સતત જોતાં રહેવા સલાહ આપવામાં આવે છે.
25. ઓનલાઇન અરજી કરતી વખતે કોઈ નેટવર્ક સમસ્યા અથવા અન્ય તકનીકી સંબંધિત સમસ્યાઓ માટે વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન જવાબદાર રહેશે નહીં.
26. અરજીમાં દર્શાવેલ વિગતો અધૂરી કે અસંગત હોય તેમજ અરજીમાં પાસપોર્ટ સાઇઝ ફોટોગ્રાફ અપલોડ કરેલ ન હોય તે મુજબની અરજીઓ રદ કરવામાં આવશે.
27. ઉમેદવારે અરજી પત્રકમાં કોઇ પણ વિગત ખોટી બતાવેલ હશે અને તે ધ્યાનમાં આવશે તો તેનું અરજીપત્રક/નિમણુંક કોઇ પણ તબક્કે રદ કરવામાં આવશે.
28. પ્રાથમિક કસોટીના પરિણામના આધારે જે ઉમેદવારો અરજી ચકાસણીને પાત્ર થતા હોય, તેમણે વડોદરા મહાનગરપાલિકા જણાવે ત્યારે જરૂરી પ્રમાણપત્રો/દસ્તાવેજો સ્કેન (Scan) કરીને વડોદરા મહાનગર પાલિકાની વેબસાઇટ https://vmc.gov.in/OnlineRecruitment/Recruitment.aspx પર ઓનલાઇન અપલોડ કરવાના રહેશે.
29. સદર જ્ગ્યાઓ માટે લેખિત કસોટીના પરિણામ મુજબ ગુણવત્તા (મેરીટ) આધારે જ જે તે કેટેગરીમાં નિમણૂક આપવામાં આવશે. (વર્ગ–૩ ની ભરતી પ્રક્રિયામાં રૂબરૂ મુલાકાતની જોગવાઇ લાગુ પડશે નહિ.)
30. પ્રમાણપત્રોની પ્રત્યક્ષ ચકાસણી/લેખિત/મૈખિક કસોટી માટે બોલાવવામાં આવતા ઉમેદવારોને કોઇપણ જાતનું મુસાફરી ભથ્થુ મળવાને પાત્ર થશે નહીં.
31. ઉમેદવારે તેની શૈક્ષણિક લાયકાત / અનુભવ /ઉંમર વગેરેના સમર્થનમાં રજૂ કરેલ પ્રમાણપત્રો કોઇપણ તબક્કે અયોગ્ય માલુમ પડશે તો તેની ઉમેદવારી રદ થશે તેમજ ભલામણ બાદની નિમણુંક પણ રદ થવાને પાત્ર રહેશે અને આવા ઉમેદવાર ભારતીય ફોજદારી ધારા હેઠળની કાર્યાવાહીને પાત્ર થશે. જેથી ઉમેદવારને સલાહ આપવામાં આવે છે કે , તેમણે રજુ કરેલા પ્રમાણપત્રો ખુબજ ચોકસાઇથી પૂર્ણ રીતે ખરાઇ કર્યા બાદ જ વડોદરા મહાનગરપાલિકામાં રજુ કરવા.
32. ભરતી પ્રક્રિયા દરમ્યાન સીધી અથવા આડકતરી રીતે રાજકીય કે અન્ય કોઇ રીતે ભલામણના પ્રયાસ કરનાર ઉમેદવાર ગેરલાયક ઠરશે.
33. જો એક કરતાં વધુ ઉમેદવારોએ એક સરખા ગુણ મેળવેલ હોય તો, તે પૈકી જન્મ તારીખ મુજબ વધુ વય ધરાવતા ઉમેદવારને મેરીટ ક્રમમાં અગ્રતાક્રમ આપવામાં આવશે અને જો કોઇ ઉમેદવારોના ગુણ અને જન્મ તારીખ બંને સરખા હોય તો શૈક્ષણિક લાયકાતની મેરીટ મુજબ મેરીટમાં અગ્રતાક્રમ આપવામાં આવશે.
34. આ ભરતી પ્રક્રિયા બાબતે અરજીઓની સંખ્યા ધ્યાને લઇ જગ્યા ને અનુરૂપ એલીમીનેશન ટેસ્ટ/સ્પર્ધાત્મક પરીક્ષા/ઇન્ટરવ્યુ અંગે કમિશ્નરશ્રી, વડોદરા મહાનગરપાલિકા, વડોદરા જે નિર્ણય કરે તે આખરી અને બંધનકર્તા રહેશે.

35. આ જાહેરાત કોઇ પણ કારણસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો સંપૂર્ણ હક/અધિકાર મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મહાનગરપાલિકા, વડોદરા ને રહેશે. અને આ માટે કોઇ કારણ આપવા બંધાયેલ રહેશે નહીં.

36. ઉકત તમામ જગ્યાઓના મહેકમ ખર્ચની નાણાકીય જોગવાઇ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા થનાર છે તથા તે અનુસાર રાજ્ય સરકારશ્રીને જરૂર જણાય તો ઉકત મહેકમને રાજ્ય સરકારમાં પ્રતિનિયુક્તિ પર લઇ શકશે. પ્રતિનિયુક્તિ પર આવેલ મહેકમને સરકાર રાજ્યના કોઇપણ સ્થળે ફરજ બજાવવા મૂકી શકશે. એટલેકે સદર તમામ જગ્યાઓ બદલીને પાત્ર છે તથા સરકારશ્રીને જરૂર જણાયે રાજયના કોઇપણ સ્થળે ફરજ બજાવવા મુકી શકાશે/બદલી શકાશે.

37. વડોદરા મહાનગરપાલિકાના કે અન્ય સરકારી/અર્ધ સરકારી સંસ્થામાં ફરજ બજાવતાં ઉમેદરવારો જો ઉકત જગ્યાએ પસંદગી પામશે તો તેઓએ મુળ જગ્યાએથી રાજીનામું મંજુર કરાવ્યા બાદ જ નિમણુંકની જગ્યાએ હાજર થવાનું રહેશે તેમજ તેઓની અગાઉની બજાવેલ ફરજને સમયગાળો નિયમબદ્ધ કરી શકાશે નહીં/ગણતરીમાં લેવામાં આવશે નહીં.

38. ઉકત તમામ જગ્યાઓની મંજુરી રાજય સરકારશ્રી દ્વારા નાંણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજુરી આપવામાં આવેલ છે. ત્યારબાદ જગ્યાઓની મુદત વખતોવખતની રાજય સરકારશ્રીની મંજુરીને આધિન રહેશે. સદર બાબતે વડોદરા મહાનગરપાલિકાની જવાબદારી નકકી થશે નહી.

39. ઉમેદવારને ઓનલાઇન અરજી કર્યા બાદ જાહેરાત સંબંધી અન્ય કોઇ સુચના માટે www.vmc.gov.in વેબસાઇટ સતત જોતા રહેવા અનુરોધ છે.

**મ્યુનિસિપલ કમિશનર**

**તા.૧૧-૦૮-૨૦૨૩** **વડોદરા મહાનગરપાલિકા.**